રજા પ્રવાસ રાહત મંજુર
કરવા બાબત.

---------------

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ નં.મસભ-૧૦૯૫-૯૬૫-જ,
સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગર
તા. ૧૮-૯-૯૫

વંચાણમાં લીધોઃનાણા વિભાગનો તા. ૨૭-૭-૧૯૮૯ ના ઠરાવ નં. એમએસબી-૧૦૮૯-એમઆર-૮-જે.

**ઠ રા વ**

------

તા. ૧-૪-૧૯૮૯ ના રોજ કે ત્યાર બાદ સેવામાં દાખલ થનાર સરકાર કર્મચારીઓને જો, બે થી વધુ જીવિત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા. ૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ રજા પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર નથી.

જોડિયા બાળકોને કારણે જે કર્મચારીઓના જીવિત બાળકોની સંખ્યા બે થી વધી જતી હોય તેવા કિસ્સામાં કર્મચારીને રજા પ્રવાસ રાહતનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે તા. ૧-૪-૮૯ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર કર્મચારીને પહેલા એક જીવિત બાળક હોય અને ત્યારબાદ જોડિયા બાળકોના જન્મના કારણે જીવિત બાળકોની સંખ્યા બે થી વધી જતી હોય તો તેવા કિસ્સામાં નાણા વિભાગના તા. ૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈમાં છૂટછાટ મુકીને રજા પ્રવાસ રાહતનો લાભ ( રજા પ્રવાસના રોકડમાં રુપાંતર સાથે ) મંજુર કરી શકાશે.

રજા પ્રવાસ રાહત અંગેના આ પ્રકારના બાકી કેસો આ હુકમો મુજબ નિયમિત કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

તરુલતા શાહ
ઉપસચિવ,
નાણા વિભાગ.

નકલ રવાનાઃ-

---------

+ માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મા. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- મા. મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવો.
- મા. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
+ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

+ રજિસ્ટારશ્રી, ગુજરાતહાઈકોર્ટ, અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ.) રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) રાજકોટ/અમદાવાદ.
- સર્વે જિ.વિ.અ.શ્રીઓ/કલેકટરશ્રીઓ/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જિલ્લા સહાયક નિરીક્ષક.
- પ. અને હિ.અ.શ્રી, ગાંધીનગર/અમદાવાદ, પ.અને. હિ.અ.શ્રી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસીતપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
- સર્વે માન્ય મંડળો.
- પસંદગી ફાઈલ 'જ' શાખા

---------------

+ પત્ર ધ્વારા.